સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

સલામી સવારની..

છે ફૂંટવાની વસ્તુ પેપરો તો રોજ રોજ ફૂટે !
છે ફૂટવાની વસ્તુ ગરીબો તો રોજ માથાં ફૂટે !
તૂટે કેનાલો, લૂંટે બેન્કો, છૂટે ગુંડા-ખૂટે નિષ્ઠા
છે લૂંટવાની વસ્તુ 'મતદાર' ખાઈ-'પી' સૌ ચૂંટે
(સુરક્ષાના પાયામાં ઉધઈ)

હાઈકુ

શ્રેષ્ઠ તાલીમ,
પ્રારંભ - પરીક્ષાથી
લોક-રક્ષક

બધા કોળિયે
લ્યો ! ખાયકીમાં પણ
આવે છે માખી!

ચિંતન

વિનીતવિનયસ્થાપિ પ્રકૃતિર્ન વિધીયતે ।
પ્રકૃતિં ગૂહમાનસ્ય નિશ્ચયેન કૃતિ ધ્રુવા ॥

ઉપરોક્ત શ્લોક રામાયણમાંથી લેવામાં આવેલ છે.

વિનય શીખવવામાં આવેલોનો પણ સ્વભાવ ફેરવી શકાતો નથી. સ્વભાવને છુપાવે તો પણ તેના ચોક્કસ કાર્યો સ્વભાવ બતાવી આપે છે.

પ્રાણ અને પ્રકૃતિ એટલે કે વૃત્તિ - સ્વભાવ બદલી શકાતાં નથી એ જન્મ અને મૃત્યુ સાથે જ રહે છે સ્વભાવ પર કદાચ યત્ કિંચિત સંસ્કારની અસર પડે ઓછે પણ ખાસ કરીને એ દંભ અને સમજશક્તિ-બુદ્ધિથી બદલવાનો બળપૂર્વકનો પ્રયત્ન માત્ર જ બની રહે છે.

સુવિચાર

- વાંકી વળી ગયેલી સોટી સીધી કરવા માટે આપણે તેને ઊલટી દિશામાં વાંકી વાળવી પડે છે - **સંત ડેવિડ**
- જીવનના આ દુખમય અભિનયમાં સુખ કેવળ એક પ્રાસંગિક ઘટના છે - **ટોમસ હાર્ડી**
- સાહસિક નક્ષત્રોને પૂછ્યા વગર જ લહેરો સામે તોફાનમાં નૌકા હંકારે છે, ભૂજાઓની તાકાત અજમાવે છે તે અંતિમ ક્ષણ સુધી સુકાન રાખે છે - **હરિકૃષ્ણ ગુપ્ત**
- સંમયનું પ્રથમ પગથિયું છે વિચારોનો સંયમ - **ગાંધીજી**
- પ્રલોભનોના પ્રતિરોધની પ્રત્યેક ક્ષણ જ એક વિજય છે - **અખંડ આનંદ**
- ધન એવો અગાધ સમુદ્ર છે, જેમાં સન્માન, આત્મા અને સત્ય બધું જ ડૂબી જઈ શકે છે - **ફ્રેડરિક નિત્શે**
- આજનું ઔષધ : અંકોલના સુકાયેલા ફૂલ બે ગ્રામ, હળદર બે ગ્રામ, આમળા પાઉડર, બે ગ્રામ સવાર-સાંજ ધમાં ચાટવાથી પેશાબ છુટથી થાય છે અને મૂળનળી સાફ થઈ જાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

એક ગામમાં બે સ્ત્રીઓ રહેતી હતી. બંને દૂધ વેચતી હતી એક સ્ત્રી પાસે પાંચ ગાય હતી, બીજી પાસે એક જ ગાય હતી.

એક વાર પાંચ ગાય ધરાવતી સ્ત્રી નાણાભીડમાં આવી ગઈ. એટલે તે બીજી સ્ત્રી પાસે પૈસા ઉધાર લેવા ગઈ. પૈસા ઉધાર લીધા પછી પહેલી સ્ત્રી જાણે વાત જ ભૂલી ગઈ. લાંબો સમય વિત્યો એટલે બીજી સ્ત્રી નાછૂટકે ઉછીના આપેલા પૈસા પરત માંગવા ગઈ. ત્યારે પહેલી સ્ત્રીએ કહ્યું 'અરે ગાંડી, તું તો સાવ ગળે પડું છે, મેં કદી તારી પાસે પૈસા ઉધાર લીધા જ નથી.' આ વાત સાંભળી એક ગાય ધરાવતી સ્ત્રીએ અદાલતમાં ફરિયાદ કરી. ન્યાયાધીશે બંને સ્ત્રીઓને બોલાવી. ત્યારે ઉછીના લેનાર સ્ત્રીએ કહ્યું, સાહેબ મારી પાસે પાંચ ગાય છે. હવે તમે જ ન્યાય કરો જેની પાસે પાંચ ગાય હોય એ કંઈ એક ગાય ધરાવનારી સ્ત્રી પાસેથી પૈસા ઉછીના લે કે એને પૈસા આપે ? ત્યારે બીજી સ્ત્રીએ કહ્યું, 'મેં મારી બચત કરેલી રકમ તેને થોડા સમય માટે આપી હતી પણ હવે એ નાનક્કર જાય છે.'ન્યાયાધીશે કહ્યું, હું આવતીકાલે નિર્ણય આપીશ કે સાચું કોમ છે. બીજા દિવસે ન્યાયાધીશે રૂમની બહાર પાંચ લોટા પાણી ભરેલા તૈયાર રાખ્યા, અને બીજી બાજુ એક લોટો પાણી તૈયાર રાખ્યું. પેલી બે સ્ત્રીઓને સૂચના આપી કે બંને હાથપગ ધોઈને પ્રવેશ કરવો. કરજ લેનારી સ્ત્રીએ પાંચ લોટા પાણીથી હાથ પગ મોઢું ધોયા. જયારે બીજી સ્ત્રીએ ખૂબ ચીવટથી હાથપગ સાફ કર્યા અને થોડું બચેલું પાણી ફુલના કુંડામાં રેડી, બંને સ્ત્રીઓ ન્યાયાધીશ પાસે આવીને ઊભી રહી. ન્યાયાધીશે બંને સ્ત્રીઓની આ વર્તણુક ધ્યાનથી જોઈ એ નિર્ણય આપતા કહ્યું, 'કરજ લેનારી પાંચ ગાય ધરાવતી સ્ત્રી ખર્ચાય છે, તે વધુ ગાયથી વધુ આવક પણ બેફામ વાપરતી હશે એટલે જ એણે દેવું કર્યું હશે, અને બીજી સ્ત્રીની આવક ભલે ઓછી હશે પણ તે ઓછો ખર્ચ કરનારી મિત સ્વભાવની હશે જેણે બચત કરીને પેલી સ્ત્રીને રકમ ઉધાર આપી હશે.'

વાયો વાણીવિલાસનો વરવો વાયરો

તંત્રીસ્થાનેથી...

આપણા લોકશાહી દેશમાં જેમ જેમ ચૂંટણી નજીક આવતી જાય તેમ તેમ ન જાણે લોકોનાં મનમાં શું ઉન્માદ વધતો જાય છે એ સમજાતું નથી. સામાન્ય લોકોથી માંડીને રાજકારણીઓ સુધી બધાં જ કોઈ અનોખા તોરમાં ફરતા થઈ જાય છે. અને આ તોરની સૌથી મોટી અને ખરાબ આડપેદાશ એટલે વાણીવિલાસ.

અલગ અલગ રાજકીય પક્ષોના સમર્થક બે સામાન્ય માણસો મળે કે બે રાજકારણીઓ - વાણીવિલાસ અને વિવાદ અવશ્ય થાય. આ બે જ વ્યક્તિઓ ઉપસ્થિત હોય અને વિલાસ કે વિવાદ થાય ત્યાં સુધી વાંધો નહીં, પરંતુ રાજકારણીઓ હવે તો જાહેરમાંય વાણીવિલાસ કરતા થઈ ગયા છે એ ચિંતાનો વિષય છે.

અનેક વરિષ્ટો એવી દલીલો કરે છે કે રાજકારણ પહેલાં આવું નહોતું, આટલું ખરાબ નહોતું. એ લોકોની વાત એ અર્થમાં તો સાચી છે જ કે પહેલાં આટલો વાણીવિલાસ રાજકારણીઓ દ્વારા કરવામાં નહોતો આવતો. મારે શું કરવું છે અથવા હું શું કરવા માગું છું એ અર્થમાં જ રાજકારણીઓ દ્વારા બહુધા જાહેરમાં બોલવામાં આવતું હતું, પરંતુ હવે તો સામેના પક્ષનો ઉમેદવાર કે પ્રતિસ્પર્ધી કેટલો ખરાબ છે એ દેખાડવામાં જ નેતાઓનાં ભાષણો પૂરાં થઈ જાય છે. કાર્યક્રમ કોઈપણ હોય, ઉપક્રમ કોઈપણ હોય, બોલવા માટે મંચ મળ્યો ને સાંભળવા માટે પાંચ-પચીસ માણસો મળ્યા એટલે રાજકારણીઓ ચાલુ કરી દે છે સામેના પક્ષની બદબોઈ. સારા તો ઠીક, માઠા પ્રસંગોની આમન્યા પણ તેઓ જાળવતા નથી એ ખરેખર દુખદ બાબત છે.

પોતે લોકો દ્વારા પસંદ કરવામાં આવેલા નેતા છે, લોકપ્રતિનિધિ છે એટલે પોતે જાહેરમાં જે કરે છે તેની છાપ લોકોનાં મનમાં પડવાની છે અને જાણ્યે-અજાણ્યે લોકો તેનું અનુકરણ કરવાના છે એવો ભાવ તો આજના રાજકારણીઓના મનમાં આવતો ન નથી. બસ, બોલવા મળ્યું છે કે મળશે, એમ માનીને વિચાર્યા વગર ગમે તેમ બોલી જ નાખે છે.

'પહેલાં રાજકારણ આવું નહોતું' એવી વડીલોની વાતને અહીં એ અર્થમાં પણ કહી શકાય કે પહેલાં રાજકારણીઓ પણ આવા નહોતા. વ્યક્તિ તરીકે તમને સન્માન આપવાનું મન થાય ને સામે ચાલીને મત આપવાનું મન થાય કે વાર-તહેવારે તેમનાં ભાષણો, ઉદ્બોધનો સાંભળવાનું મન થાય તેવા રાજકારણીઓ હતા. હવે? જેમને જોઈને બીક લાગે, સૂગ ચડે અને જેમનાથી દૂર ભાગવાનું મન થાય કે ઘરનાં બાળકોને એમ કહેવાનું મન થાય કે 'આની જેવા ના બનતાં' એવા રાજકારણીઓ થાય છે.

સત્તા હાથમાં આવી ગઈ કે લોકોનું સમર્થન મળી ગયું એટલે હવે આપણે જે ધારીએ તે કરી શકીએ એવો તાવ કે ગેરસમજ મનમાં રાખીને ફરનારા રાજકારણીઓ એ જાણતા નથી કે સત્તા કોઈની ટકી નથી ને તોર પણ કોઈનો ટક્યો નથી. જે જનતા માથે બેસાડી જાણે છે તે જૂતાં ને પથ્થર પર મારી જાણે છે. જાહેરમાં પોતાની વાણીને કાબૂમાં નહીં રાખવામાં આવે તો લોકસમર્થનની ચાદર ક્યારે પગ નીચેથી ખસી ગઈ એય ખબર નહીં પડે એ દરેકે સમજી લેવાની જરૂર છે.

માણસો સંતુષ્ટ રહેવું જોઈએ...

નવાં કલેવર
નટવર હેડાઉ

ભાર્ગવભાઈ નિવૃત્ત સરકારી કર્મચારી હતા. સરકાર તરફથી રાહત દરે પ્લોટ મળેલ તેમાં નાનું પણ સુંદર મકાન બનાવ્યું હતું. તેમાં રહેવાનું તેમને ફાવી ગયું હતું. તેથી પાટનગરને વતન બનાવી વસી ગયા હતા.

તેમને બે દીકરા હતા. નાનો દીકરો વિદેશમાં સેટલ થઈ ગયો હતો. મોટો દીકરો અને તેની પત્ની એક રોડ અકસ્માતમાં માર્યા ગયા હતા. તેમનાં બે બાળકો હવે ભાર્ગવભાઈ સાથે રહેતા હતા. ભાર્ગવભાઈ પોતાને મળતા પેન્શનથી કુટુંબનું ભરણપોષણ કરતા હતા.

આસપાસમાં અને શહેરમાં વસતા પોતાના મિત્રો અને સાથી અધિકારી, કર્મચારીઓનો વૈભવ જોઈ તેમને મનમાં વૈભવશાળી જીવન જીવવાની લાલશા થતી હતી. પરંતુ પોતે એટલા સાધન સંપન્ન ન હોઈ એ રીતે જીવી શકતા ન હતા. જેથી તેઓ દુ:ખી રહેતા લાગ્યા.

ભાર્ગવભાઈ રોજ સવારના સેકટરના બગીચામાં ફરવા જતા. ફુલગુલાબી ઠંડીમાં ફરવાની તો તેમને ખુબ મની આવતી પણ મોંઘી ગાડીઓ લઈને નીકળતા લોકો તેમજ ફેશનેબલ કપડામાં ફરતાં જુવાનીયાઓ ને મોબાઈલમાં વ્યસ્ત જોઈ તેમની ઈર્ષા થતી.

એક દિવસ તે બગીચામાં ફરવા ગયા. પૂર્વના આકાશમાં અજવાળું દેખાવા લાગ્યું હતું. શ્વાસ પર ઝાકળ બિંદુઓ મોતીની જેમ ચમકી રહ્યા હતા. જુદા જુદા છોડ પર ફૂલો ખીલી ઊઠ્યાં હતા. પ્રકૃતિ તેનો પૂર્ણ વૈભવ પ્રસારી રહી હતી.

થોડીવારમાં તેમના મિત્ર ભાષ્કરભાઈ આવ્યા. તેમણે આવતાં જ પૂછ્યું. 'અરે ભાર્ગવ, યાર વાત શું છે ? જયારથી રિયાટર થયો છે ત્યારેથી હું જોઉં છું કે તારા ચહેરા પરનું સ્મિત ગાયબ થઈ ગયું છે.' શું એકલા પેન્શનમાં...' એટલું કહેતા તેની આંખમાં આંસુ આવી ગયા. આંસુ લૂંછતા તે ઘર તરફ ચાલી નીકળ્યા.

આજ ભાર્ગવભાઈને ત્યાં કામવાળી બાઈ આવી નહોતી. તેની છોકરી આવેલ. તે છોકરીએ એક ફાટેલ કપડાંથી પોતાનું તન ઢાંકેલું હતું. આવી દરિદ્ર પરિસ્થિતિમાં પણ તેના ચહેરા પરની ખુશી જોઈને ભાર્ગવભાઈને તેના પર દયા આવી ગઈ. એમને ઘરમાં પડેલો એક સુંદર પંજાબી ડ્રેસ તેને પહેરવા માટે આપ્યો. નવો પંજાબી ડ્રેસ પહેરતાં તેની ખુશીનું કોઈ ઠેકાણું રહ્યું નથી. તેણે ભાર્ગવભાઈની મીઠી નજર અને હોઠ પરના સ્મિતથી આભાર માન્યો.

બીજે દિવસે તે છોકરી ફરીથી આવી. તેણે આજે ફરી એક ફાટેલાં ઝુના કપડાં પહેર્યા હતા. કામ કરતા કરતાં તે ગીત ગણગણતી હતી. આ જોઈ ભાર્ગવભાઈને ખુબ આશ્ચર્ય થયું. તે વિચારણા લાગ્યા. કાલે આ છોકરીએ નવો પંજાબી ડ્રેસ પહેર્યા ત્યારે ખુબ ખુશ જણાતી હતી. અને આજે ફાટેલાં જૂના કપડાંમાં પણ એ જ ગર્વ અને આનંદ અનુભવી રહી છે.

તે દિવસે ભાર્ગવભાઈ બગીચામાં ફરવા ગયા ત્યારે તેમના ચહેરા પર ખુશીના અગણિતભાવ જોઈ ભાષ્કર ભાઈએ તેમને પુછ્યું, 'ભાર્ગવભાઈ આજે બહુ ખુશ લાગો છો. ને કાંઈ, વાત શું છે? દીકરો વિદેશથી તમને લેવા આવ્યો છે.'

ભાર્ગવભાઈ બોલ્યા, ના, દીકરો તો લેવા આવ્યો નથી, પણ એક ગરીબ છોકરીએ મારા જીવનમાં ખુશી છલકાવી દીધી છે.'

'એ કંઈ રીતે ?' ભાષ્કરભાઈએ આશ્ચર્યથી પૂછ્યું.

ભાર્ગવભાઈએ બનેલા આખી ઘટના તેમને કહી. પછી બોલ્યા, 'ભાષ્કર, આ ઘટના પર ગૂઢ વિચાર કર્યા પછી હું એ નિષ્કર્ષ પહોંચ્યો છું કે માણસે પોતાની પાસે જે છે તેનાથી સંતુષ્ટ રહેવું જોઈએ.'

પ્રતિક્ષા : વ્યક્તિના જીવન સાથે અતૂટ રીતે વણાઈ ગયેલી એક અનિવાર્ય ક્રિયા

આવો જીવીએ શાનદાર
વિનોદ અમલાણી
amlani2000@yahoo.co.uk

મહર્ષિ વેદવ્યાસ રચિત મહાકાવ્ય મહાભારતની કથા અનુસાર મહાભારતના યુદ્ધમાં શિખંડીને આગળ ધરીને અર્જુને ભીષ્મ પિતામહની ઉપર આક્રમણ કર્યું હતું. ભીષ્મ ઘવાયા અને ઢળી પડ્યા. એમના શરીરમાં અસંખ્ય બાણો ખૂંપી ગયા હતા. તેઓ ધરતી પર ઢળી પડ્યા પણ શરીરમાં ખૂંપેલા બાણોને કારણે એમનો દેહ ધરતીને સ્પર્શી શક્યો નહીં (ધરણી નાસ્પૃશશ્યપી શરસંઘે અમાચિત:) ત્યાર પછી બાણશયા ઉપર જ ભીષ્મએ અઠાવન રાત્રીઓ સુધી પોતાના મૃત્યુની પ્રતિક્ષા કરી. ભીષ્મ ઢળ્યા પછી અઠાવાન દિવસે ભગવાન સૂર્યનારાયણે ઉતરાયણ શરૂ કર્યું ત્યારે ભીષ્મએ પ્રાણત્યાગ કર્યો. મહાભારતના અનુશાસન પર્વ ૧૫૩.૨૬.૨૭ માં ભીષ્મ પોતાના જ શબ્દોમાં કહે છે "હે કુંતીપુત્ર યુધિષ્ઠિર, તીક્ષ્ણ અણીવાળા આ બાણો પર સૂતાં સૂતાં મારી અઠાવન રાત્રીઓ વિતી ગઈ છે, પરંતુ લાગે છે એવું કે જાણે સો વર્ષ વીતી ગયા હોય." આમ ભીષ્મપિતામહનો પ્રતિક્ષકાલ કઠિન અને વેદનાભર્યો હતો.

વાલ્મિકી રામાયણ અને શ્રી તુલસીદાસજી રચિત શ્રીરામચરિત માનસની કથા અનુસાર શ્રી માતંગઋષિનાં આશ્રમમાં શબરીજીનું વર્ષો સુધી પોતાના આશ્રમમાં રામ પધારશે તેની પ્રતિક્ષા કરતાં રહ્યા હતા. રામ આજે આવશે..... રામ આજે આવશે ..... એવી પ્રતિક્ષામાં ને પ્રતિક્ષામાં શબરીજી રોજ પોતાનો નાનો એવો આશ્રમ સજાવતા અને શ્રી રામ માટે તાજા ફળો લાવીને ઝૂંપડીમાં રાખી મુકતા. શબરીજીની વર્ષોની પ્રતિક્ષાનાં અંતે શ્રીરામ આશ્રમમાં પધાર્યા ત્યારે શ્યામવર્ણી તપસ્વિની શબરીજીએ શ્રીરામનું ઉમળકાભેર સ્વાગત કર્યું અને કહ્યું કે "હે રઘુશ્રેષ્ઠ, આ આશ્રમમાં મારા ગુરુ ઋષિ માતંગ હતા. હું એમની સેવા શુશ્રૂષા કરતી હતી. તેઓ આત્મસ્થ થતાં ત્યારે જતી વખતે મને કહેતા ગયા હતા કે "તું એકાગ્ર ચિતે અહીં રહીને પ્રતિક્ષા (સાધના) કરતી રહેજે" આગળ શબરીજી કહે છે કે;

તથૈવાકરવં રામ ત્વદધ્યાનૈક પરાયણા
પ્રતિક્ષાગમનં તેદ્ય સફલં ગુરુભાષીતમ
(આધ્યાત્મ રામાયણ અરણ્યકાંડ ૧૦-૧૬)

"હે રામ, ગુરજીના કહેવા પ્રમાણે ત્યારથી કેવળ હું આપનું ધ્યાન કરતી રહીને આપના આગમનની પ્રતિક્ષા કરી રહી હતી. આજે મારા ગુરુજીનું વચન સફળ થયું છે.

પ્રતિક્ષા એ તો વ્યક્તિના જીવન સાથે અતૂટ રીતે વણાઈ ગયેલી એક અનિવાર્ય ક્રિયા છે. પ્રતિક્ષાક્રિયાને વ્યક્તિના જીવનમાંથી બાદબાકી કરવી અશક્ય જ છે. પ્રતિક્ષા વિનાનું જીવન એ જીવન જ નથી કારણ કે પ્રતિક્ષા વિનાના જીવનમાં શુષ્કતા, નિ:રસતા છવાઈ જાય છે. પ્રતિક્ષા થકી જ વ્યક્તિ જીવંત રહે છે.

કોઈપણ વ્યક્તિ પોતાના જન્મથી લઈને મૃત્યુ સુધીના સમયમાં જીંદગીનો કેટલો સમય પ્રતિક્ષામાં વિતાવે છે એ કલ્પના કરવી અને ગણતરી કરવી પણ અશક્ય છે. હા, એવું ચોક્કસ કહી શકાય કે ઈશ્વરે આપેલા રોજના ચોવીસ કલાકમાં, વ્યક્તિ દરરોજ પોતાનો કેટલોક સમય તો પ્રતિક્ષામાં વિતાવે જ છે. કોઈના આવવાની પ્રતિક્ષા, કોઈને મળવાની પ્રતિક્ષા, ઘર કે કુટુંબમાં કોઈ શુભ પ્રસંગની પ્રતિક્ષા, કોઈ સિદ્ધિ હાંસલ કરવાની પ્રતિક્ષા, કોઈનાં ફોન આવવાની પ્રતિક્ષા, કોઈનાં સંદેશાની પ્રતિક્ષા, કોઈને આપેલા સંદેશાનાં પ્રતિભાવની અપેક્ષા. આમ કોઈ ને કોઈની, કોઈને કોઈ પ્રકારની પ્રતિક્ષા વ્યક્તિ હરહંમેશ કર્યા જ કરે છે. એક પ્રતિક્ષા પૂરી થઈ ના થાય ત્યાં બીજી, ત્રીજી, ચોથી આમ વ્યક્તિ સતત સતત પ્રતિક્ષા કર્યા કરે છે. પ્રતિક્ષાની આ વણજાર વણથંભી ચાલ્યા જ કરે છે અને તેનો અંત ક્યારેય આવતો નથી. આમાની કેટલીક પ્રતિક્ષાઓનાં અંત સુખદ આવે છે તો કેટલીક પ્રતિક્ષાઓનાં દૂ:ખદ. કેટલીક પ્રતિક્ષાઓ અપેક્ષિત સમય કરતા વહેલી પૂરી થાય છે, કેટલીક અપેક્ષાઓ અપેક્ષિત સમયે તો કેટલીક અપેક્ષિત સમય કરતા મોડી પૂરી થાય છે, કેટલીક પ્રતિક્ષા એ તો ક્યારેય પૂરી થતી જ નથી.

કેટલાક પ્રકારની પ્રતિક્ષાઓની ક્ષણો વેદના આપનારી, વ્યથા આપનારી હોય છે તો કેટલીક પ્રતિક્ષાઓ આનંદ, ઉત્સાહ, અને ઉતેજનાભરી હોય છે. આનંદ, ઉત્સાહ, અને ઉતેજનાભરી પ્રતિક્ષાનો સમય ખૂબ જ ઝડપથી પસાર થઈ જતો હોય છે. વેદના કે વ્યથા આપનારી પ્રતિક્ષા વ્યક્તિને વિહવળ બનાવી દે છે તો ક્યારેક પ્રતિક્ષા કરતી વ્યકિત એક પ્રકારની માનસિક તાણ અનુભવે છે.

આપણે સૌ જાણીએ છીએ કે ભીહપિતાને અનુમતિ-મૃત્યુનું વરદાન માતા સત્યવતી આપ્યું હતું. અનુમતિ-મૃત્યુનો અર્થ ઇચ્છામૃત્યુ કરતાં જુદો છે. અનુમતિમૃત્યુનો અર્થ એવો થાય કે ભીષ્મપિતામહ ઈચ્છે ત્યાં સુધી તેને લઈ જવાની મૃત્યુએ રાહ જોવી પડે. ભીષ્મપિતામહની ઈચ્છા સૂર્ય દક્ષિણાયાંમાં હોય ત્યારે મૃત્યુ પામવાની ન હતી તેથી સૂર્યનારાયણ ઉતરાયણમાં પ્રવેશે ત્યાં સુધી તેમણે મૃત્યુને અનુમતિ આપી ન હતી. આમ ભીષ્મપિતામહે, અઠાવન દિવસ બાણશયા પર રહીને, સૂર્યનારાયણ ઉતરાયણ શરૂ કરે ત્યાં સુધી પ્રતિક્ષા કરી હતી જેથી કરીને પોતે અનુમતિ-મૃત્યુ પામી શકે. ભીષ્મપિતાની પ્રતિક્ષા હતી તે નિશ્ચિત અઠાવન દિવસની હતી. તેમની પ્રતિક્ષામાં અનિશ્ચિતતા ન હતી, છતાં ભીષ્મપિતામહનાં જ શબ્દોમાં "લાગે છે એવું કે જાણે સો વર્ષ વીતી ગયા". આવું પિતામહે કદાચ એટલા માટે કહ્યું કે તેમની એ પ્રતિક્ષાનો સમય કષ્ટદાયક હતો. એક તો તેઓ બાણશયા પર હતા જેની શારીરિક પીડા હતી ને બીજું તેમની પ્રતિક્ષા મૃત્યુની હતી. ક્ષણે ક્ષણે મૃત્યુની નજીક જઈ રહેલી વ્યક્તિ પ્રતિક્ષાની પીડા તો જે ભોગવે એ જ જાણી શકે. તેનું વર્ણન શક્ય નથી. માત્ર મૃત્યુની પ્રતિક્ષા જ નહી પણ કોઈપણ પ્રકારની પ્રતિક્ષા પીડા આપનારી હોય છે અને પ્રતિક્ષાની જે સમયની અવધિ હોય તેના કરતા વધારે જ લાગે છે. ઘણીવાર તો એક એક ક્ષણ એક એક યુગ જેવી લાગતી હોય છે.

(ક્રમશ:)

નિંદા

થોટ
નટવર આહલપરા

આદ્ય કવિ નરસિંહ મહેતાના પ્રસિદ્ધ પદ 'વૈષ્ણવજન'ની પંક્તિથી જ નિંદા વિશે વાત કરીએ,

સરળ લોકમાં સહુને વંદે, નિંદા ન કરે કેની રે;

અહીં કવિનો કહેવાનો ભાવાર્થ એ છે કે સૃષ્ટિમાં બધાને વંદન કરે અને કોઈની પણ નિંદા નકરે એ જ સાચો વૈષ્ણવ છે. સંસ્કૃતમાં એમ કહેવાયું છે કે, નિંદકને હંમેશા પાસે રાખ્યા જોઈએ. જો કે નિંદા કરનાર સામેની વ્યક્તિને હંમેશા જાગૃત રાખે છે.

'ચાર મળે ચોટલા, ભાંગે ઓટલા' આ કહેવત પણ એટલે જ પડી હશે કે, ઓટલે ભેગી થયેલી સ્ત્રીઓ કરી-કરીને સારી વાત કેટલી કરે ? પછી તો એકમેકની નિંદા જ શરૂ થાય છે. મંદિર જેવી પવિત્ર, ધાર્મિક જગ્યાએ સત્સંગ, કીર્તન અને ભક્તિ કરવાને બદલે જો નિંદા જ થતી હોય તો એવો સત્સંગ શું કામનો ?

ઉપનામ 'સુરતા' ધરાવતા કવયિત્રી લીલાદેવી તારપરા કહે છે કે,

નિંદારસના એ રસિયા જાણે શું આંસુ ને ?
આંસુડે અંતર ઠારી મેલી એ...

પણ નિંદા, કૂથલીમાં પડ્યા રહેતા લોકોની વૃત્તિ મંથરા, શકુનિ અને નારદ જેવી હોય છે. જેમ મંથરાએ, શકુનિએ અને નારદે બધાને જાગૃત રાખ્યા હતાં તેમ નિંદા કરનારને નુકશાન છે, સામે વાળાને તો ફાયદો છે. નિંદક નિંદા કરે છે ત્યારે તેમાનાં દુર્ગુણ ભળી જાય છે અને નિંદારસ ટપક્યા કરે છે. નિંદા કરનાર પહેલા પોતે દાઝે છે પછી અન્ય.

ક્રેડિટ ફલો બેન્કો તરફથી વધતો નથી એ ચિંતાકારક !

જીવન ઉપવન
મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

જાહેર ક્ષેત્રની બેંકો વધી ચૂકેલા એન.પી.એ. ના લીધે એટલી તનાવગ્રસ્ત હાલતમા છે કે હવે હાલના નિર્દેશ મુજબ નવા ધિરાણમાં પુષ્કળ ખેંવના રાખી ફૂંકી ફૂંકી ને ચાલી રહી છે તદુપરાંત બેડ લોન્સ માટેની જે નવી માર્ગદર્શિકા જાહેર થઈ એ મુજબ અગિયાર બેંકોને લોન નવી મંજુર કરવાની પણ રોક લગાવી દીધી છે! એક તરફ ડિજિટલ ઈન્ડિયા આગળ વધી રહ્યું છે જ તો બીજી તરફ રોકડની પ્રવાહિતતા ઘટી છે. નોટબંધીથી પ્રજા પાસે જે કંઈ કેશ(રોકડ) હતી તે બેન્કીગ સિસ્ટમથી ખાતાઓમાં જતી રહી કે જયાં સરકારની ડિજિટલ નજર અને મોનિટરીંગ છે એટલે નોટબંધીનો બીજો તબક્કો હવે કાર્યરત થઈ રહ્યો છે ! ખાતામાં જે નાણા આવ્યા તેના સ્ત્રોત વિશેની તપાસ પૂછપરછ જવાબ જો સંતોષકારક ના લાગે તો વધુ કાયદાકીય કાર્યવાહી થઈ શકશે. નોટબંધીથી ઘણા પક્ષીઓને મારવામાં આવ્યા છે તેની જાણ જનતાને ધીમે ધીમે થશે. બીજી મહત્ત્વની વાત એ છે કે ખાતાઓમાં જે કેશ જમા કરી દેવામાં આવી કે ઉપાડવામાં આવી છે તો સરકારને ખ્યાલમાં છે એટલે હવે જેની પાસે વિપુલ નાણાંકીય સક્ષમતા છે તેઓ નવું કંઈ જ કરતા નથી! જેવા પૈસા વાપર્યા કે ડિજિટલ નોંધમાં આવી ગયાં તેથી નાણા માત્ર પોતાના છે એ વાતથી સંતોષ લેવાનો સમય ચાલે છે. બેંકોની જો ચર્ચા કરીએ તો ધિરાણ કરવાના હેતુથી પ્રજાની થાપણો ને સ્વીકારવી એ બેન્કીગ પ્રવૃત્તિ કહેવાય છે માટે થાપણો જ લીધા કરવાતી અને સામે ઋણ વિસ્તરણ નહીં કરવાથી બેન્કીંગ નુકશાનીમાં જ જાય તે સહજ રીતે સમજી શકાય તેમ છે. બેન્કોની પ્રવૃત્તિઓમાં તાલમેલ તૂટી ગયો છે.

પ્રત્યેકને મુંઝવણ એ છે કે પોતાની બચત કે નાણાં કયાં રાખવા ? બચત ઉપરના વ્યાજદર પ્રોત્સાહક નથી જ. અમદાવાદ-વડોદરામાં હાલમાં જ જે કરોડોના કૌભાંડ બહાર આવ્યાં તે શું દર્શાવે છે ? પ્રજા આ પ્રકારના વળતરનાં પ્રલોભનમાં મુળ રકત ગુમાવી બેસે છે. પાંચ-સાંત વર્ષે બેંકો પણ બમણા નાણા આપી શકતી નથી ત્યારે આવી લાલચું કંપનીઓ પ્રજા સાથે દગો કરી મોટા મસ કૌભાંડો કરી જાય છે. બેન્કોને સૂચના છે કે જે નવી લોન અપાય છે તે કોઈ પણ સંજોગોમાં એન.પી.એ. થવી જોઈએ નહીં, એટલે સહુથી વધુ સલામતી વાળા હેતુઓમાં જ પસંદ કરીને ધિરાણ કરવામાં આવે છે. આ પ્રકારના માહોલમાં ધિરાણ પ્રવાહ બજારને ઊંચે લઈ જવામાં સક્ષમ નથી. બીજા અર્થમાં ક્રેટિડ ફલો અતિ મંદ છે જેના વિના જંગી કે મોટા પ્રોજેક્ટ ઊભા થઈ શકતા નથી. કરોડોના જેમાં રોકાણ જરૂરી હોય છે ત્યાં નાણા ઉપલબ્ધ દેખાતા નથી. કરોડોના સરકારના પ્રોજેક્ટ જે જનહિત માટે આવશ્કક છે તે થઈ રહ્યો છે એ ખુબ ઉમદા બાબત છે પરંતુ અર્થતંત્રમાં જાન ફૂંકવા કે પ્રાણ ઉમેરવા વિપુલ માત્રામાં કેડીટ ફલો જરૂરી હોય છે. હવે બેન્કોને ટકાવવા - ધબકતી રાખવા એન.પી.એ. ની વસૂલાત પાયાની વાત છે છતાં તેમાં સમય લાગી રહ્યો છે ! સરકાર અને દેશની મધ્યસ્થ બેંક વચ્ચે વૈચારિક લડાઈ ઊભી થઈ છે. રિઝર્વ બેન્ક સરકારને અને સરકાર રિઝર્વ બેંકને જવાબદાર ઠેરવે છે પરંતુ એ સત્ય બધાએ સ્વીકારવું જ પડશે કે મુઠ્ઠીભર લોકો જંગી રકમો લઈ ગયા જે વસુલાત આપતા નખી કે જુબાની માટે હાજર રહેતા નથી. તો બેન્કોએ આ કયા પ્રકારની સાવધાની લીધી હતી અને તે પણ લોન મંજુરી વખતે ? નીતિ નિયમોનું પાલન કરવામાં કયાં અને કોની ક્ષતિ હતી અથવા ઉલ્લંઘન શા માટે થયું ? જવાબદેહી વિના અનુસાશન કદી લાવી શકાતું નથી. બેન્કોના અસ્તિત્વ તથા વિકાસ માટે સરકાર એ ખાસ ધ્યાન આપવું પડશે ત્યાં મતભેદોથી જ નહીં ચાલે.

બેન્કોની હાલની કાર્યપ્રણાલી ઉપરના કડવા સત્યે જે સંલગ્ન સત્તા હોય તેમને લક્ષ્યમાં સત્વરે લેવા જ પડશે. પ્રજાને હવે બેન્કોની ગ્રાહક સેવા બંધ થઈ ગઈ હોય તેવું ચોક્કસ લાગી રહ્યું છે. બીજુ, કોઈ પણ સેવા હવે ચાર્જ લીધા વિના મળતી નથી. ત્રીજુ, જવાબાદરી પૂર્વકની સેવાનો સદંતર અભાવ. ચોથું, વેતનવૃદ્ધિનો સમય નિકળી જતા બેંક કર્મચારીઓમાં ઉદાસિનતા હતાશાની ઉપસ્થિતિ. બચત એકત્રીકરણ કરતા અન્ય ઈન્સેન્ટીવ બેઈઝ્ડ પ્રોડક્ટ્સ ઉપર જ બેંકો કામ કરી રહી છે અને ઓરિજીનલ બેન્કીંગ તો ઊંડી ખીણમાં ધકેલાઈ ગયું હોય તેવી સ્થિતિ જોવા મળે છે. ડિજિટલ બેન્કીંગ પછી વ્યક્તિગત કે સંબંધો દ્વારા થતું કામ ગુમ થયું છે, તેથી અસંતોષ છે. બેન્કોને ધિરાણ કરવા માટે એન.પી.એ. સુધારણા સાથે લિન્ક કરીને છૂટ આપવી જ પડશે કેમ કે ક્રેડીટ ફલો અતિ મંદ છે તેવી બજારમાં પણ મંદ હાલત પ્રવર્તે છે! દેવુ ભરવામાં સહાયતા કરો પણ દેવા ભરવાની વૃત્તિ સાથે ચેડા હરગીજ ના થવા જોઈએ. બેન્કોના ફંડ મેનોજમેન્ટ વાસ્તવમાં ડહોળાઈ ગયા છ